સંસ્કૃતિકુંજમાં ઉજવાતો વસંતોત્સવ એ હવે ગાંધીનગરની ઓળખ બની ચુકી છે. દર વર્ષે ફેબ્રુઆરી માસના અંતે ઉજવાતા વસંતોત્સવમાં જુદા જુદા પ્રાંતના લોકકલાકારો મોટી સંખ્યામાં ભાગ લઈ પોતાની કલા પ્રદર્શિત કરે છે. જયારે હસ્તકલાના સ્ટોલ્સમાં કલાકારોની કલાકૃતિઓનું પ્રદર્શન થાય છે. છેક અમદાવાદથી વસંતોત્સવને માણવા કલારસિકો ઉમટી પડે છે. ટૂંક સમયમાં વસંતોત્સવ શરૂ થવાનો હોઈ સંસ્કૃતિકુંજને વિવિધ રંગોથી સુશોભિત કરવામાં આવી રહ્યું છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

મીડીયાવાળા મારફતે મને માહિતી મળી છે કે ટ્રમ્પને મેથીની ભાજીની વાનગી પીરસવાના છે... એટલે મેં તો જથ્થાબંધ ભાજી ખરીદી જ લીધી... તું પણ લઈ લેજે...

વાત-વાતમાં.....

- ગાંધીનગરના સેકટર-૧૧માં અખબારભવન ખાતે મંતવ્ય ન્યૂઝ ચેનલના બ્યુરો કાર્યાલયનું ઉદ્‌ઘાટન મેયર રીટાબેન પટેલના હસ્તે યોજાયું હતું. આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી સહિત વિવિધ રાજકીય અને સામાજિક અગ્રણીઓએ પણ મુલાકાત લઈ ચેનલના હોદ્દેદારો તથા કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.
- શહેરના સેકટર-૭ની દિકરી અંજલિ તન્ના શુક્રવારે અમદાવાદ ખાતે યોજાનારા નેશનલ શોર્ટ ફિલ્મ ફેસ્ટિવલમાં તેનું નૃત્ય પરફોર્મન્સ કરશે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ઉપરાંત સિનેજગતની અનેક હસ્તીઓ ઉપસ્થિત રહેશે.
- શહેરના સેકટર-૧૫માં સરકારી વાણિજ્ય કોલેજ ખાતે ગુરૂવારે સવારે મેગા પ્લેસમેન્ટ ફેર યોજાશે. આ પ્લેસમેન્ટ ફેરનું ઉદ્‌ઘાટન મહેસુલ મંત્રી કૌશિક પટેલના હસ્તે કરાશે.

નર્સિંગ કોલેજ ખાતે બ્રેસ્ટ કેન્સર અવેરનેસ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં સ્થિત નર્સિંગ કોલેજ ખાતે આજરોજ બપોરના ૩ થી ૫ કલાક દરમિયાન બ્રેસ્ટ કેન્સર અવેરનેસનો કાર્યક્રમ સેમીનાર હોલ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે બ્રેસ્ટ કેન્સરના પ્રોગામમાં પ્રથમ લાયન મહિલા ભાવનાબેન ત્રિવેદી, જિલ્લામાંથી ચંદાબેન યાદવ, નિશાબેન ત્રિવેદી, રૂપાબેન શાહ કે જેઓ કેન્સર વિભાગના ડાયરેકટર છે. જયારે ડો. વીણાબેન વોરાએ બ્રેસ્ટ કેન્સર વિશે ઉપસ્થિત સૌને માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.

સેક્ટર-૧૪માંથી નવ અને ૨૬માંથી ૩ કમળાના દર્દી મળ્યા

સુપર ક્લોરીનેશન સાથે પેયજળનો પુરવઠો આપવા તાકીદ : સર્વેલન્સ દરમ્યાન ક્લોરીન ટીકડીઓનું વિતરણ પણ આરોગ્ય તંત્ર દ્વારા શરૂ કરવામાં આવ્યુ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં વધુ એક વખત પાણીજન્ય રોગચાળાએ દેખા દેતાં આરોગ્યતંત્ર મનપાનું હરકતમાં આવ્યુ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ શહેરમાં સેકટર-૧૪ ખાતેથી નવ કેસ કમળાના મળ્યા છે તો સેકટર-૨૬માંથી ૩ કેસ કમળાના મળી આવ્યા છે. તંત્ર દ્વારા આ બન્ને સેકટરોમાં સર્વેલન્સની કામગીરી સઘન બનાવવામાં આવી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ પાણીમાં ક્લોરીનેશન નહિ થતુ હોવાનું સર્વેલન્સની પ્રાથમિક વિગતોમાં જાણવા મળેલ છે. આથી માર્ગ-મકાન વિભાગને પત્ર લખી અપાતા પેયજળના પુરવઠામાં સુપર ક્લોરીનેશન કરવા માટે તાકીદ કરવામાં આવી છે.

તંત્રની ટીમો દ્વારા સર્વેલન્સની સાથે સાથે ક્લોરીનની ટિકડીઓનું પણ વિતરણ ચાલુ કરી દેવામાં આવ્યુ છે.

શહેરમાં સે. ૨૫માં કમળાના કેસો અને તે પૂર્વે સે. ૨૭માં પણ કમળાના કેસો મળી આવ્યા હતા. તંત્ર દ્વારા આ વિસ્તારમાં સર્વેલન્સને સઘન બનાવવાની સાથે પાણીના ક્લોરીનેશનને લઈ તાકીદ કરવામાં આવી છે.

શહેરના જુના સેકટરોમાં પાણી હજુ ડહોળુ આવતુ હોવાની ફરિયાદો પણ વધવા પામી છે. સુપર ક્લોરીનેશન માટે આરોગ્યતંત્ર દ્વારા વારંવારની તાકીદ પછી પણ નિયમિત ક્લોરીનેશન કેટલુ થાય છે તેને લઈ નવા પ્રશ્નો લોકજીભે ચર્ચાતા સાંભળવા મળ્યા હતા.

શહેરમાં હાલ બેવડી ઋતુનું વાતાવરણ બનેલુ હોવાથી શરદી, ખાંસી અને કફની ફરિયાદો પણ નગરજનોમાં વધી છે એટલુ જ નહિ સિવિલ તેમજ અર્બન હેલ્થ સેન્ટરોમાં પણ દર્દીઓ વધવા પામ્યા છે જે નોંધનીય છે.

દહેગામના પાલુન્દ્રા ખાતે નિશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો

લાયન્સ કલબ ગાંધીનગર અને ઓગણજ આંખની હોસ્પિટલ દ્વારા આજરોજ તારીખ ૧૯/૦૨/૨૦૨૦ના રોજ. પાલુંદ્રા ગામ દહેગામ ખાતે નિશુલ્ક નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કુલ ૧૧૦ પેશન્ટની તપાસ થયેલ છે. જેમાં ૭૨ જેટલા લાભાર્થીઓને રાહત દરે ચશ્માનું વિતરણ કરવામાં આવેલ છે તેમજ ૧૧ જેટલા દર્દીઓને મોતિયાનું નિદાન થયેલ છે અને ૬ જેટલા દરદીઓને આંગણજ હોસપિટલમા દાખલ કરવામાં આવશે.

લાયન સભ્યોની પ્રોત્સાહક હાજરી માટે લાયન પ્રમુખ બી. કે. રાજેશ ગૌડા સૌ લાયન સભ્યોનો હૃદયથી આભાર માન્યો હતો.

છાલા ગામમાં બંધ મકાનમાં તસ્કરોનો હાથફેરો

એએસઆઈના મકાનમાંથી ૧.૯૧ લાખની ચોરી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં તસ્કરોનો તરખાટ મચાવી રહ્યા છે. તાજેતરમાં ચિલોડા વિસ્તારમાં તાજેતરમાં જ એક સાથે ત્રણ મકાનના તાળા તુટ્યા હતા. ત્યારે છાલા ગામમાં એએસઆઈના મકાનને પણ તસ્કરોએ બક્ષ્યું નથી. તસ્કરોએ જાળી અને મુખ્ય દરવાજાના તાળા તોડીને અંદર રહેલા સોના-ચાંદીના દાગીના સહિત કુલ રૂ.૧.૯૧ લાખની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ખાતે રહેતા મહોમંદ યાસીન કરીમમીયા મલેક (ઉં.વ.૫૭) કલોલ તાલુકા પોલીસ મથકમાં એએસઆઈ તરીકે ફરજ બજાવે છે અને મુળ છાલા ગામના વતની છે. તેઓ સેકટર-૨૧ ગાંધીનગર ખાતેના પોતાના ઘરે હતા. ત્યારે તેમના ભત્રીજાનો ફોન આવ્યો હતો અને છાલા ખાતે તેમના મકાનમાં ચોરીની થયાની જાણ કરી હતી. જેથી તેઓ ત્તાત્કાલીક છાલા પહોંચ્યા હતા અને ઘરની તપાસ કરી હતી.



ઘરની આગળ આવેલી ઓસરીમાં લોખંડની જાળી તેમજ મુખ્ય દરવાજાને લગાવેલા તાળા તુટેલા હતા. જયારે તસ્કરોએ ઘરમાં ઘુસીને કબાટ તેમજ તિજોરીમાં રહેલો સામાન વેર-વિખેર કરી નાંખ્યો હતો. તસ્કરોએ ઘરમાં રહેલા રૂ.૧,૬૦,૫૦૦ સોના-ચાંદીના દાગીના, ૨૫ હજારનું એલઈડી ટીવી, કપડા અને બ્લેન્કેટ ઉઠાવીને છુમંતર થઈ ગયા છે. ફરીયાદીના ઘર પાસે તેમના ભાઈનું ઘર આવેલુ છે.તેમનો ભત્રીજો ઈમરાન રાત્રીના એક વાગ્યા સુધી જાગતો હતો ત્યાં સુધી તેણે ઘરને તાળુ મારેલુ જોયુ હતું. જયારે સવારના ૮ વાગ્યાના અરસામાં જાગીને જોયુ તો તાળુ તુટેલી હાલતમાં હતું. જેથી યાસીન મલેકની ફરીયાદ લઈ ચિલોડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

દહેગામ ખાતે નાણાંકીય સાક્ષરતા અભિયાન કાર્યક્રમનુ આયોજન કરાયુ

દેહગામના દેવકરણના મુવાડા ગામ ખાતે ફિનકેર સ્મોલ ફાયનાન્સ બેન્ક અને નાબાર્ડના સંયુક્ત ઉપક્રમે નાણાંકીય સાક્ષરતા કાર્યક્રમનું આયોજન કરાયુ હતું. ઉપસ્થિત ગ્રામજનોને બેન્ક સાથે જોડવાના ફાયદા, પૈસાની બચતનું મહત્વ, એ.ટી.એમ. કાર્ડનો સાવચેતીપૂર્વક ઉપયોગ, ભારત સરકારની વીમા અને પેન્શનની યોજનાઓ વિષે વિસ્તૃત માહિતી ફિનકેર બેન્કના મેનેજર તેજસ જોશી દ્વારા આપવામાં આવી હતી.

સેકટર-૩ એ ખાતે મકાનમાંથી ૭૫ હજારની ચોરી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના સેકટર-૩ એ પ્લોટ નં. ૮૨-૧ ખાતે આવેલા મકાનમાંથી તાળુ તુટ્યા વિના ચોરી થવા પામી છે. મકાનમાં રહેલી તિજોરીના ડ્રોઅરમાંથી અઢી હજાર રોકડા અને સોનાચાંદીના દાગીના મળીને કુલ રૂ.૭૫,૬૦૦ ની મત્તાની ચોરી થવા પામી છે. બનાવ અંગે તુષાર પરમારે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

તા.૧૪ ફેબ્રુઆરીનો છે, તે દવિસે ફરીયાદી યુવકના માતા-પિતા,ભાઈ-ભાભી અને બહેન-બનેવી ભાવનગર ખાતે માતાજીના દર્શાનાર્થે ગયા હતા. આ દરમિયાન યુવક સવારે ૯ થી ૫.૩૦ કલાક સુધી નોકરી ગયો હતો. સાંજે ઘરે આવ્યા બાદ છ વાગ્યાના અરસામાં તે ફિયાન્સીને મળવા માટે અમદાવાદ ગયો હતો અને રાત્રીના એક વાગે પરત ફર્યો હતો. જયારે ભાવનગર ખાતે માતાજીના દર્શન કરવા ગયેલો પરિવાર રાત્રીના ૧૧ વાગે પરત ફર્યો હતો.જેમાં યુવકની માતાએ ઘરનું તાળુ ખોલ્યુ હતુ. પરિવાર બીજા દિવસે સવારે ઉટ્યો ત્યારે તિજોરીનું ડ્રોઅર તુટેલી હાલતમાં હતું. ડ્રોઅરમાંથી અઢી હજાર રોકડા અને સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ.૭૫,૬૦૦ મત્તા ચોરી થઈ હતી. પરિવાર સવારે ૬ વાગે ભાવનગર નીકળ્યો તે સમયે યુવક ઘરનો દરવાજો આડો કરીને સુઈ રહ્યો હતો અને સવારના ૭ વાગ્યાની અસપાસ ઉઠ્યો હતો. આ સમય દરમિયાન ચોરી થઈ હોવાનું લાગી રહ્યું છે. ત્યારે ઘરના દરવાજાનું તાળુ તુટ્યા વિના થયેલી ચોરીમાં ફરીયાદ નોંધી પોલીસે તપાસ તેજ કરી છે.

ગુજરાતમાં મહિલાઓની ફરિયાદો કેમ વધી ? અભયમ મોંઘી પડી રહી છે

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાતમાં મહિલા તેમની સુરક્ષા બાબતે વધુ સજાગ બની છે. જાહેરમાં કે ઓફિસમાં મહિલાની છેડતી થાય ત્યારે આ મહિલાઓ ગુજરાત સરકારની અભયમ હેલ્પલાઈન પર કોલ કરતી થઇ છે, પરિણામે આ હેલ્પલાઇન ગુજરાતને મોંઘી પડી રહી છે. અભયમ પર ફરિયાદોના ઢગલા થઈ રહ્યાં છે.

ગુજરાતમાં અભયમ હેલ્પલાઈનનો ઉપયોગ મોટાભાગે યુવતિઓ અને મહિલાઓ કરી રહી છે. રાજ્યમાં આ હેલ્પલાઇન શરૂ કર્યા પછી પ્રતિવર્ષ તેનો ઉપયોગ વધતો ગયો છે. આ હેલ્પલાઇન હેઠળ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ત્રણ લાખથી વધારે ફરિયાદો મળી હતી જ્યારે ૨૦૧૯ના વર્ષમાં પણ ૧.૯૫ લાખ કરતાં વધુ ફરિયાદો જોવામાં આવી છે. ૧૮૧ નંબરની આ હેલ્પલાઈન પાછળ રાજ્યના ગૃહ વિભાગે અત્યાર સુધીમાં ૭ કરોડ રૂપિયાનો ખર્ચ કરી નાંખ્યો છે.

અભયમ હેલ્પલાઈન બનાવ્યા પછી ૨૦૧૭-૧૮ના વર્ષમાં ગૃહ વિભાગને વિવિધ પ્રકારની ૧.૩૫ લાખ કરતાં વધુ ફરિયાદો મળી હતી. ૨૦૧૮-૧૯માં ફરિયાદોની સંખ્યા વધીને ૧.૭૪ લાખ થઇ હતી જ્યારે છેલ્લે ૨૦૧૯માં ફરિયાદોની સંખ્યાનો આંકડો ૧.૯૫ લાખ થયો છે. હેલ્પલાઇન પર ફરિયાદો વધતાં સરકારને વધારે બજેટની જરૂર પડી રહી છે તે જોતાં સરકારને ૨૦૨૦-૨૧ વર્ષના સામાન્ય અંદાજપત્રમાં ગૃહ વિભાગના બજેટને વધારવાની જરૂર પડી છે.

હેલ્પલાઇનનો વધતો ઉપયોગ જોતાં રાજ્યમાં વિવિધ ગુનાઓ સામે મહિલાઓ અને યુવતિઓ હેલ્પલાઇનનો ઉપયોગ વધુ પ્રમાણમાં કરી રહી હોવાનું કહી શકાય છે. મોટાભાગના કિસ્સા પારિવારિક ત્રાસ આપવાના, દહેજ અને છેડતીના જોવા મળ્યા છે. રાજ્યમાં મહિલાઓ જે ફરિયાદ નોંધાવે છે તેની તપાસ કરવા માટે રાજ્યના પોલીસ વિભાગને વાહન અને સ્ટાફનો ખર્ચ પણ થાય છે.

સરકારે હેલ્પલાઇનની ફરિયાદોમાં મહિલા અને યુવતિઓને મદદ કરવા માટે છેલ્લા બે વર્ષમાં ૫ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે જ્યારે ૨૦૧૯ના વર્ષમાં વધુ બે કરોડનો ખર્ચ થયો છે.

ગુજરાતમાં કાર્યરત ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન અન્ય રાજ્યો કરતા આગવી ખાસીયતો ધરાવતી સમગ્ર દેશની પ્રથમ હેલ્પલાઈન તરીકે ઉભરી આવી છે. તેના અભ્યાસ માટે વિવિધ રાજ્યોના અધિકારીઓ દ્વારા રૂબરૂ મુલાકાત કરી સમગ્ર હેલ્પલાઈનની આવી વિશેષતાઓ અને અમલીકરણને સમજી સરાહના કરવામાં આવી છે. હેલ્પલાઈન સતત ૨૪ કલાક નિઃશુલ્ક સેવા કાર્યરત રહે છે.

સીસીટી ટેકનોલોજી દ્વારા કોમ્પ્યુટરાઈઝ અસરકારક સંદેશા વ્યવહાર પ્રસ્થાપિત થાય છે. ગુગલના નકશાના ઉપયોગથી બનાવના સ્થળ અને નિકટની સવલતોનો ઝડપી સંચાર મળી રહે છે. લોકલ એરિયા નેટવર્ક અને વાઈડ એરિયા નેટવર્ક થકી કોમ્પ્યુટર વ્યવસ્થાનો સક્ષમ ઉપયોગ શકય બને છે. જીપીએસ ટેકનોલોજીથી સજ્જ રેસકયુવાન સ્થળનું ચોક્કસ નિદર્શન અને વાનનું અવરજવરનું સમયબદ્ધ નિયંત્રણ અને મહત્તમ ઉપયોગ થઇ શકે છે.

એન્ડોઈડ બેઝ "૧૮૧ અભયમ એપ્લિકેશન"ના માધ્યમથી પીડિત મહિલાના ઘટના સ્થળની ત્વરિત મદદ માટે માહિતી મળી જાય છે. આ હેલ્પલાઈન ઉપર સંપર્ક કરનાર મહિલાની ઓળખ તથા માહિતી ગુપ્ત રાખવામાં આવે છે. મહિલા ઉપર કોઈ હિંસા થઈ રહી હોય તો તેને તાત્કાલિક તેમાંથી બચાવવા માટે રેસ્કયુવાન સાથે કાઉન્સિલર તેમજ મહિલા કોન્સ્ટેબલની સેવા ઉપલબ્ધ છે. પ્રત્યેક કોલનું માળખાગત બેંક ઓફિસ દ્વારા ફોલોઅપ અને સંતોષકારક સમસ્યાનું નિવારણ થાય છે. અભયમ હેલ્પલાઈન શરૂ કર્યા પછી ૮૫ ટકા કિસ્સામાં વિવિધ ગુનાઓનું નિવારણ લાવવામાં મદદરૂપ થઈ છે.

એલઆરડી ભરતી અનામત આંદોલન સમેટાયું

ગાંધીનગર,તા. ૧૯

ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, ગુજરાતમાં કોંગ્રેસ દ્વારા રાજકીય રૂપ આપીને ઉભુ કરાયેલ એલઆરડી આંદોલન આજે પૂર્ણ થયું છે. ગુજરાતમાં ૨૫ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા સામાજિક સમરસતા, એક્તા અને ભાઈચારાનું સર્જન થકી લોકોમાં સુમેળ છે ત્યારે ગુજરાત કોંગ્રેસે યેન કેન પ્રકારે આ ભાઈચારાની ભાવનાને ભ્રષ્ટ કરવાના ષડયંત્રો રચીને યુવાનોને ગેરમાર્ગે દોરી આંદોલન તરફ વાળવાનો હિન પ્રયાસ કર્યો હતો. પરંતુ યુવાનો સહેજ પણ દોરવાયા સિવાય તેમની પડખે રહ્યા નહીં કેમકે તેમને અમારી સરકાર પર સંપૂર્ણ ભરોસો હતો. એટલે આજે આ સુખદ નિવારણ આવ્યું છે. આજે મહિલા ભરતી સંદર્ભે ચાલી રહેલ વિવાદ માટે મેં આંદોલનકારી મહિલાઓની રૂબરૂ મુલાકાત કરી હતી અને રાજ્ય સરકારે લીધેલા સુખદ નિર્ણયોની જાણ કરીને તેમને વિશ્વાસ આપ્યો હતો કે રાજ્ય સરકાર હર હંમેશ આપની સાથે છે અને રહેશે. આપને સહેજ પણ ચિંતા કરવાની જરૂર નથી. એટલે તેઓએ તેમનું આંદોલન પૂર્ણ કરવાનો નિર્ણય લીધો છે.

જાડેજાએ ઉમેર્યુ કે આ ભરતી સંદર્ભે સૌ સમાજના વર્ગોનું હિત જાળવીને ભરતી પ્રક્રિયા ટુંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. આ નિમણૂંક ત્રણ અઠવાડીયામાં પૂર્ણ થવાની શક્યતા છે અને આપની તમામ પીટીશનરોનો સમાવેશ થઇ જાય તેવી શક્યતા છે. જાડેજાએ ઉમેર્યું કે રાજ્ય સરકાર અનામતની નીતિને સંપૂર્ણ વરેલી છે અને બંધારણની જોગવાઇ મુજબ અનામતના હક્કો પૂરા પાડવા અમારી સરકાર કટિબધ્ધ છે. એલઆરડી ભરતી સંદર્ભે કોઈપણ મહિલા ઉમેદવારોને નુકસાન કે અન્યાય ન થાય તે અમારી પ્રાથમિકતા છે. આ ભરતીમાં મહિલાઓને પૂરતું રીઝર્વેશન, ગુણવત્તા મુજબ અને તમામ કેટેગરીની મહિલાઓને પૂરતું પ્રતિનિધિત્વ મળી રહે તેની પૂરતી કાળજી પણ રાખવામાં આવશે.

છાલા પાસે કારમાંથી વિદેશી દારુની ૩૮૦ બોટલ ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૯

ચિલોડા-હિંમતનગર માર્ગ પર આવેલા છાલા ગામ પાસેથી ચિલોડા પોલીસે એક કારમાંથી વિદેશી દારુની ૩૮૦ બોટલ પકડી પાડી છે. પોલીસે શંકાના આધારે કારનો પીછો કરતા કાર ઘઉંના ખેતરમાં ફસાઈ જતા બે શખ્સો મુકીને ફરાર થઈ ગયા હતા. પોલીસે દારુ અને કાર મળીને કુલ રૂ. ૪.૩૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ફરાર આરોપીઓને પકડી પાડવા માટે કવાયત તેજ કરી છે. ચિલોડા પોલીસ મથકના પીઆઈ એચ.એ.જાડેજાના માર્ગદર્શનમાં હે.કો. દિગ્વિજયસિંહ, ભાવિકકુમાર, કોન્સ્ટેબલ મિલનભાઈ, વિજયસિંહ સહિતના સ્ટાફના જવાનો વાહન ચેકીંગમા હતા. તે સમયે આગમન હોટલ પાસે એક કાર રોંગ સાઈડમાથી નીકળી હતી.

ખૂણેખાંચરેથી

- સચિવાલયમાં નાયબ સંવર્ગમાં ફરજો બજાવતા ૧૫ જેટલા નાયબ સેક્શન અધિકારીઓની બદલીના હુકમો કરાયા છે.
- ત્રણ સિનીયર સનદી અધિકારીઓને અધિક મુખ્ય સચિવ તરીકે બઢતી અપાઈ છે. આ ત્રણેય અધિકારીઓ ૧૯૮૯ બેચના સનદી અધિકારી છે. જે પૈકી એક સનદી અધિકારી ભારત સરકારમાં પ્રતિનિયુક્તી પર છે જ્યારે ગુજરાતમાં ફરજો બજાવતા એ.કે. રાકેશ અને સુશ્રી સુનયના તોમરને તેમની જગ્યા અપગ્રેડ કરી આ બઢતી આપવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં અધિકારીઓ દ્વારા વાપરવામાં આવતા એ.સી. મશીનો આજે સીલ કરી દેવામાં આવ્યા છે.
- જિલ્લામાં ચાલી રહેલ ફેમીલી હેલ્થ સર્વેની કામગીરી ધીમી ગતિએ ચાલતી હોવાથી આરોગ્યતંત્રના અધિકારીઓની ચિંતા વધી છે અને સતત દોડધામ કરતા નજરે પડી રહ્યા છે.
- જિલ્લાના માણસા ખાતે કિસાન ક્રેડીટ કાર્ડ અંગે યોજાયેલ મેગા કેમ્પમાં ૨૧૦૦થી વધુ ખેડૂતો દ્વારા અરજીઓ રજુ થઈ છે. ૧૪ જેટલી બેંકોના પ્રતિનિધિઓ આ કેમ્પમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પને સફળ બનાવવા માટે શ્રી ૪૧ ગામ કડવા પાટીદાર સમાજ ફાઉન્ડેશનની યુવા ઉત્કર્ષ સમિતિના સ્વયંસેવકો સચીનભાઈ, માધવભાઈ સહિતની ટીમ ખડેપગે રહી હતી.

એસ.કે. પટેલ-એમબીએ કોલેજમાં સિરાજ-૨૦નો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૯

શહેરના સેક્ટર-૨૩ ખાતે કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન એસ.કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ એમબીએ દ્વારા વાર્ષિકોત્સવ 'સિરાજ-૨૦૨૦"નો આજે પ્રારંભ થયો હતો. કેએસવીના ચેરમેન વલ્લભભાઈ પટેલના માર્ગદર્શનમાં પ્રારંભ થયેલ કાર્યક્રમમાં ગુજરાતી ફિલ્મ "ગોરી રાધા ને કાળો કાન"ના મુખ્ય કલાકાર પ્રતિક ગાંધીએ સિરાજ-૨૦૨૦નું ઉદ્‌ઘાટન કર્યુ હતુ. હજુ આવતીકાલ સુધી ચાલનારા આ વાર્ષિકોત્સવમાં દ્વિતિય દિવસે હેચ યોર આઈડિયા, બીઝનેસ ક્વીઝ, નમક શમક, કોન્ગ્લોમરેટ તથા એક્સપ્રેશન ફેશન શો જેવા કાર્યક્રમો યોજાશે જેમાં રાજયભરમાંથી ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યાં છે તેવુ સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.